# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

- કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર એકસો નિરિક્ષકોને ફરજ સોંપી છે.
- ઇસરોએ કર્ણાટકના ચિત્રદુર્ગ ટેસ્ટ રેન્જમાં પોતાના ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન પુષ્પકનું આજે સફળતાપૂર્વક ઉતરાણ કરાવ્યું છે.
- ભારત અને ભૂતાને દ્વિપક્ષીય મંત્રણાના અંતે વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકાર વધુ મજબૂત બનાવવા ઘણા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે.
- દિલ્હીની અદાલતે એક્સસાઇઝ નિતીના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના રિમાન્ડ મંજૂર કરવાની માંગણી અંગેનો ચુકાદો અનામત રાખ્યો છે.
- રાષ્ટ્રસંઘની મહાસભાએ AI ટેકનોલોજીનો લાભ બધા જ દેશોને મળે અને માનવ અધિકારોનું રક્ષણ થાય એ અંગેના ઠરાવને બહાલી આપી છે.
- ભારતીય હવામાન વિભાગે ઇશાન ભારતના રાજ્યોમાં વિવિધ સ્થળોએ આગામી 26મી માર્ચ સુધી ભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EC--POLL-PREPARATIONS

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી છે. આ નિરિક્ષકો જીલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખશે. જો કે, તેમની પ્રાથમિક ફરજ મતદાનની પ્રક્રિયા વખતે મતદારોને કોઇપણ પ્રકારના પ્રલોભનો અપાતા તેમજ ગેરરીતી રોકવાની રહેશે. તેમને મતદાન યંત્રોની કોઇ ચોક્કસ ક્રમ વિના ચકાસણીની પણ ફરજ સોંપાઇ છે.

મતદાન પ્રક્રિયા પારદર્શક બનાવવા સંબંધિત અધિકારીઓએ તેમને સોંપેલ સંસદીય મતવિસ્તારમાં ઉપસ્થિત રહેવું પડશે તેમજ વેબસાઇટ અને વિવિધ મંચો દ્વારા તેમનો સંપર્ક કરી શકાય એ બાબત સુનિશ્ચિત કરવી પડશે. આ નિરિક્ષકો મતદાન મથકોની મુલાકાત પણ લેશે તેમજ જરૂર પડે તો રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ અને ચૂંટણી લડતાં ઉમેદવારો સાથે બેઠક પણ કરશે.

# MATDAN PROOF

કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ મતદારની ઓળખ માટેના મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો પણ ચૂંટણીપંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાં આધારકાર્ડ, જોબકાર્ડ, બેઁક પાસબુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇંડિયન પાસપોર્ટ, સહીતના માન્ય દસ્તાવેજોનો

સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિનનિવાસી ભારતીયએ જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો તેઓએ મતદાન મથક પર ફક્ત અસલ પાસપોર્ટ રજૂ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી તથા રાજ્યવિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી યોજાવાની છે.

# ELECTION-COMMISSION--OPPOSITION

કોંગ્રેસ, ટીએમસી સહિત વિપક્ષના ઘણા અગ્રણીઓના પ્રતિનિધીમંડળે આજે કેન્દ્રીય ચૂંટણીપંચ સમક્ષ કેન્દ્રીય સંસ્થાઓના કથિત દુરઉપયોગ અંગ રજૂઆત કરીને આ મુદ્દે દરમિયાનગીરી કરવા કેન્દ્રીય ચૂંટણીપંચને રજૂઆત કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની ધરપકડ કરાયા બાદ વિપક્ષના પ્રતિનિધીમંડળે ચૂંટણીપંચ સમક્ષ રજૂઆત કરી છે. ચૂંટણી પંચ સાથેની બેઠક બાદ, દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુસીંઘવીએ કેન્દ્રીય સંસ્થાઓનો વિપક્ષના નેતા સામે દુરઉપયોગ થવાથી લોકશાહીની પ્રક્રિયાની મુક્તતાની ઉપેક્ષા થઇ હોવાનો આક્ષેપ કર્યો હતો.

# BJP--LS-LIST

ભાજપે લોકસભાની ચૂંટણી માટે વધુ 15 ઉમેદવારોની જાહેરાત કરી છે, જેમાં તમિળનાડુ અને પુદુચેરીના લોકસભા મતવિસ્તારોની બેઠકોના ઉમેદવારોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ભાજપે અગાઉ 276 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

# REV.-UTTARAKHAND-ELECTION-UPDATE

ઉત્તરાખંડની લોકસભાની પાંચ બેઠકો માટે આગામી 19મી એપ્રિલે ચૂંટણી યોજાવાની છે ત્યારે ભાજપના ઉમેદવારોએ અલ્મોડા અને હરિદ્વાર લોકસભા બેઠકો પરથી પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે. અલ્મોડા બેઠક પર શ્રી અજય તામતા અને હરિદ્વાર બેઠક પરથી ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે ભાજપના ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્રો ભર્યા છે.

ગઇકાલે, ઉત્તરાખંડ વિધાનસભાના અપક્ષ ધારાસભ્ય ઉમેશકુમારે પણ હરિદ્વાર લોકસભા બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. દરમિયાન, ઉત્તરાખંડની લોકસભાની પાંચ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારોએ હજી સુધી ઉમેદવારી પત્રો ભર્યા નથી..

# REV.-KARNATAKA-ISRO

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ISROએ આજે સવારે કર્ણાટકના ચિત્રદુર્ગ ટેસ્ટ રેન્જમાં પોતાના ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન  પુષ્પકનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવ્યું છે. એક સોશિયલ મિડીયાના માધ્યમથી ISROના અધ્યક્ષ એસ. સોમનાથે અવકાશયાનના સંપૂર્ણ ઓટોમેટિક મોડથી સંચાલન, ઉતરાણ અને ઇંધણ વ્યવસ્થાપનમાં સફળતા મેળવવા માટે ઇસરોના વૈજ્ઞાનિકોની ટીમને અભિનંદન આપ્યા છે..તેમણે વધુમાં જણાવ્યું છે કે, અવકાશમાંથી ખૂબ જ ઝડપથી જમીન ઉપર ઉતરાણ કરાવવામાં ઇસરોના વૈજ્ઞાનિકોએ વિકસાવેલ સ્વદેશી ટેક્નોલોજીનું આ સફળ પરીક્ષણ છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, ચીનુક હેલિકોપ્ટર દ્વારા જમીનથી અંદાજીત સાડા ચાર કિલોમીટર ઉંચાઇએ લઇ જઇને ફરીથી

ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન પુષ્પકને જમીન ઉપર ઉતરાણ માટે મુક્ત કરાયું હતું. સાડા છ મીટર લંબાઇ ધરાવતું આ પુષ્પક 350 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જમીન તરફ ધસી ગયું હતું.

ત્યારબાદ, પુષ્પકે જાતે જ જરૂરી ફેરફાર કરીને રન-વે ઉપર ઉતરાણ કર્યું હતું. આ સફળ પરીક્ષણના લીધે ભારત ભવિષ્યમાં ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવું ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન વિકસાવવાની દિશામાં આગળ વધ્યો છે અને આવું વાહન તૈયાર થતાં ભવિષ્યમાં ઉપગ્રહના પ્રક્ષેપણના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.

# EVE. PM-BHUTAN

ભારત અને ભૂતાને વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકાર વધુ મજબૂત બનાવવા દ્વિપક્ષીય મંત્રણાના અંતે ઘણા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. ભૂતાનની મુલાકાતે ગયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભૂતાનના પ્રધાનમંત્રી શેરીંગ તોબગેની ઉપસ્થિતીમાં થિંપુ ખાતે આ સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જેમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો પુરવઠો, ઉર્જા ક્ષેત્રે સહકાર, તબીબી ક્ષેત્રના ઉપકરણોનું ઉત્પાદન અને ચકાસણી જેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે.

બંને દેશોના પ્રધાનમંત્રી દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા આજે મંત્રણા પણ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભૂતાનની મુલાકાતે પહોંચતા ભૂતાનના પ્રધાનમંત્રીએ તેમનું ઉષ્માભર્યું અને વિધિવત રીતે સ્વાગત કર્યું હતું.

# REV PM ORDER OF DRUK GYALPO

ભૂતાનના રાજા જીગ્મે ખેસર નામગયાલ વાંગચુકે ભૂતાનનો નાગરિક ક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અર્પણ કર્યો છે. થિંપુ ખાતે યોજાયેલા ખાસ સમારંભમાં આ પુરસ્કાર શ્રી મોદીને અપાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુરસ્કાર સ્વીકારતાં જણાવ્યું હતું કે, આ તેમનું વ્યક્તિગત નહીં પણ 140 કરોડ ભારતીયોનું ગૌરવ છે અને તેઓ ભારતીય નાગરિકોના વતી આ પુરસ્કાર સ્વીકારી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, શ્રી મોદી આ ગૌરવપ્રદ પુરસ્કાર મેળવનાર પહેલા વિદેશી અગ્રણી છે.

# KEJRIWAL-ED

દિલ્હીની અદાલતે એક્સસાઇઝ નિતીના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના રિમાન્ડ મંજૂર કરવાની માંગણી અંગેનો ચુકાદો અનામત રાખ્યો છે. ઉલ્લેખનીય છે કે, એન્ફોર્સમેન્ટ વિભાગે કેજરીવાલની ગઇકાલે ધરપકડ કર્યા બાદ આજે તેમને અદાલતમાં રજૂ કરીને 10 દિવસના રિમાન્ડ મંજૂર કરવાની માંગણી કરી હતી.

અગાઉ, એક્સસાઇઝ નિતીને લગતા મની લોન્ડરિંગ કેસમાં ઇડી દ્વારા કરાયેલી ધરપકડને પડકારતી અને સર્વોચ્ચ અદાલતમાં કરેલી અરજી અરવિંદ કેજરીવાલે પાછી ખેંચી લીધી હતી.

ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે. કવિતાની આ પ્રકારના કેસમાં કરાયેલી ધરપકડને પડકારતી અને સર્વોચ્ચ અદાલત દ્વારા તેમને રાહત આપવાનો ઇનકાર કરવાના વલણને ધ્યાને રાખીને કેજરીવાલે પોતાની અરજી પાછી ખેંચી લીધી છે.

# EVE.BIHAR BRIDGE COLLAPSE

બિહારના સુપૌલના જીલ્લા મેજીસ્ટ્રેટે બાકુર ખાતે નિર્માણાધીન પુલ તૂટી પડવાના બનાવમાં અસરગ્રસ્તોને વળતર સહાયની જાહેરાત કરી છે. તેમજ દુર્ઘટનાની તપાસ કરવા ત્રણ સભ્યોની સમિતી મોકલી છે. આકાશવાણી સાથેની વાતચીતમાં જીલ્લા મેજીસ્ટ્રટે જણાવ્યું છે કે, દુર્ઘટનામાં મૃત્યુ પામનારના પરિવારને દસ લાખ રૂપિયા અને દરેક ઇજાગ્રસ્તને એક લાખ રૂપિયાની સહાય અપાઇ છે. દરમિયાન, દુર્ઘટના સ્થળે રાહત અને બચાવ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આજે સવારે કોશી નદી પર નિર્માણાધીન પુલનો એક ભાગ તૂટતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 10 જણાં ગંભીર રીતે ઘાયલ થયા છે.

# UN- AI RESOLUTION

રાષ્ટ્રસંઘની મહાસભાએ કૃત્રિમ બુદ્ધિમત્તા ટેકનોલોજી-AIનો લાભ બધા જ દેશોને મળે, માનવ અધિકારોનું રક્ષણ થાય એ જોગવાઇઓનો સમાવેશ કરતા AI અંગેના પહેલા ઠરાવને બહાલી આપી છે.

અમેરિકા અને 123 દેશોએ સાથે મળીને રજૂ કરેલા આ ઠરાવને સર્વસંમતિથી બહાલી અપાઇ છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા છેલ્લા કેટલાક સમયથી રશિયા, ચીન સહિત 120 દેશોના પ્રતિનિધિઓ સાથે આ ઠરાવની જોગવાઇઓ અંગે ચર્ચા વિચારણા કરી રહ્યું હતું. લાંબી ચર્ચાના અંતે આ ઠરાવને ગઇકાલે આખરી ઓપ અપાયો હતો.

આ ઠરાવમાં વિકસિત દેશો અને વિકાસશીલ દેશો વચ્ચે રહેલ ડીજીટલ ખાઇને ધ્યાનમાં લઇને વિકાસશીલ દેશોને પણ એઆઇ ટેકનોલોજીનો લાભ મળે. ખાસ કરીને પૂર અંગે ચેતવણી, ખેડૂતોને મદદરૂપ થતી ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વિકાસશલી દેશોને પણ લાભ મળે એ બાબત સુનિશ્ચિત કરાઇ છે.

# DRUGS-SEIZED

મહેસૂલ ગુપ્તચર નિદેશાલયના અધિકારીઓએ નવી દિલ્હીમાં કરેલી કાર્યવાહીમાં આશરે દોઢ કિલોથી વધુ કોકેનનો જથ્થો પકડાયો છે, જેની કિંમત 15 કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી છે. આ કાર્યવાહીમાં અધિકારીઓએ આફ્રિકામાંથી દાણચોરી દ્વારા તેમજ ભારત- નેપાળ સરહદેથી દેશમાં લાવેલા નશીલા પદાર્થનો જથ્થો પકડી પાડ્યો છે અને આ પ્રકારના નશીલા પદાર્થોની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે.

અધિકારીઓએ અગાઉથી મળેલી બાતમીના આધારે, બિહારથી રેલવે ટ્રેન દ્વારા દિલ્હીના આનંદવિહાર રેલવે સ્ટેશને આવેલા એક ભારતીય નાગરિકની તપાસ કરતાં તેની પાસેથી નશીલા પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે.

# IMD---WEATHER

ભારતીય હવામાન વિભાગે ઇશાન ભારતના રાજ્યોમાં વિવિધ સ્થળોએ આગામી 26મી માર્ચ સુધી ભારે તેમજ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આગામી પાંચ દિવસમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય સહિત નવ રાજ્યોના કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ થઇ શકે છે. એવી જ રીતે, પંજાબ, બિહાર અને

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે.

લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં આવતીકાલે હિમવર્ષા થવાની સંભાવના છે. જો કે, હવામાન વિભાગે દક્ષિણ ભારતના ઘણા સ્થળોએ તાપમાન વધુ રહેવાની સંભાવના છે.

## IPL OPENER

ઈન્ડિયન પ્રીમીયર લિગ- આઈપીએલ ક્રિકેટ સ્પર્ધાનો આજથી ચેન્નાઈમાં આરંભ થશે. ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમ ખાતે આજે રાત્રે 8 વાગ્યે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે પ્રથમ વીસ ઓવરની મેચ રમાશે. ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડે સ્પર્ધાનો પ્રથમ બે અઠવાડિયાનો કાર્યક્રમ જાહેર કર્યો છે.